RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 82, Dt.15-06-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાત નહીં દેશનું સૌથી અમીર રાજ્ય મહારાષ્ટ્ર



## ઔદ્યોગિક અને સમૃધ્ધ રાજ્ય ગણાતું ગુજરાત જીએસડીપીમાં પાછળ, મહારાષ્ટ્ર ટોચ પર, ૩૭% લોકો જ્યાં ગરીબીમાં જીવે છે તે છત્તીસગઢ દેશનું સૌથી ગરીબ રાજ્ય, બીજા સ્થાને ઝારખંડ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતની જીડીપી અને આર્થિક વૃદ્ધિ સતત વધી રહી છે. ભારત અત્યારે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ગુજરાતમાં સૌથી સમૃધ્ધ રાજ્ય ગણવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં મહારાષ્ટ્ર સૌથી ધનિક રાજ્ય છે.


ભારતમાં ઘણા એવા રાજ્યો છે જેમની જીડીપી અને આર્થિક વૃદ્ધિ દર વર્ષે વધી રહી છે. એટલું જ નહીં, આ રાજ્યો ભારતને આર્થિક રીતે પણ મજબૂત બનાવે છે. ભારતના કેટલાક રાજ્યો અન્ય રાજ્યો કરતા ઘણા સમૃદ્ધ છે. દેશના આર્થિક વિકાસમાં પણ આ રાજ્યોની મહત્વની ભૂમિકા છે.

જો કે, ભારતના કોઈપણ રાજ્યને સમૃદ્ધિના માપદંડ પર માપવા માટે, તે વિવિધ પરિમાણો પર માપવામાં આવે છે. જેમ કે જીએસડીપી, માથાદીઠ આવક, હ્યૂમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ,, ગરીબીનું સ્તર, રોજગાર અને બેરોજગારીનું સ્તર સામેલ છે.

આ અંતર્ગત રાજ્યમાં ચોક્કસ સમયગાળામાં પૂરી પાડવામાં આવતી સેવાઓ અને ઉત્પાદનોને માપવામાં આવે છે, જે કોઈપણ રાજ્યના આર્થિક વિકાસ માટે જવાબદાર હોય છે.ભારતના સૌથી ધનિક રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્ર ટોચ પર છે. ૪૦૦ બિલિયન યુએસ ડોલરના GSDP સાથે મહારાષ્ટ્ર ભારતનું સૌથી ધનિક રાજ્ય છે. રાજ્યની રાજધાની મુંબઈને દેશની આર્થિક રાજધાની પણ કહેવામાં આવે છે. તે દેશનું ત્રીજું સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતું રાજ્ય છે, જ્યાં ૪૫ ટકા વસ્તી શહેરોમાં રહે છે. એટલું જ નહીં, અહીં ફિલ્મ સ્ટાર્સ સહિત દેશના મોટા ભાગના અમીર લોકો રહે છે.મુંબઈ, દેશના સૌથી મોટા મેટ્રો શહેરોમાંનું એક, ફાઇનાન્સ અને બિઝનેસ સેવાઓ માટે જાણીતું છે. ફિલ્મ ઉદ્યોગથી લઈને ટ્રાન્સપોર્ટ અને શેરબજારના ઉદ્યોગો અહીં સ્થપાયેલા ભારતના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

## છત્તીસગઢ-મહારાષ્ટ્રની સરહદ પર થયેલા એન્કાઉન્ટરમાં આઠ નક્સલવાદીઓ ઠાર, એક જવાન શહીદ, બે ઘાયલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



છત્તીસગઢ-મહારાષ્ટ્ર રાજ્યની સરહદ પર નારાયણપુરના અબુઝહમદના કુતુલ વિસ્તારમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે એન્કાઉન્ટરમાં જવાનોએ ૮ માઓવાદીને ઠાર કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યા હજુ વધી શકે છે. અથડામણમાં એક જવાન શહીદ થયો છે અને બે ઘાયલ થયા છે.

પોલીસને માહિતી મળી હતી કે કુતુલ, ફરસાબેડા, કોડામેટા વિસ્તારોમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે. બાતમીદાર પાસેથી મળેલી આ માહિતી બાદ બસ્તર ડિવિઝનના જગદલપુર, દંતેવાડા, કોંડાગાંવ અને કાંકેરમાંથી લગભગ ૧૪૦૦ ડીઆરજી અને એસટીએફના જવાનોને ઓપરેશન માટે ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા ૩ દિવસથી સૈનિકો નકસલવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી રહ્યા છે.

જવાનોએ નકસલવાદીઓના ઠેકાણાને ઘેરી લીધું છે. એક દિવસ અગાઉ પણ સૈનિકોની આ સંયુક્ત ટીમ સાથે દિવસભર ગોળીબાર થતો રહ્યો હતો. ૧૫મી જૂનની સવારથી ફરી એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અત્યારસુધી ફોર્સે ૫ માઓવાદીને ઠાર કર્યા છે. માર્યા ગયેલા નકસલવાદીઓની સંખ્યા પણ વધી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે જ્યારે સૈનિકો પરત ફરશે ત્યારે વધુ માહિતી મળશે.


## ઉત્તરાખંડની અલકનંદા નદીમાં મીની બસ ખાબકતા ૮ શ્રદ્ધાળુઓના મોત, ૧૫ ઘાયલ

### બદ્રીનાથ દર્શન કરવા મીની બસમાં જઈ રહેલાં દિલ્હીના શ્રધ્ધાળુઓને નડયો અકસ્માતઃ SDRF દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરાખંડના બદ્રીનાથ હાઈવે પર એક મીની બસ (ટ્રાવેલર) અલકનંદા નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૮ શ્રદ્ધાળુઓના મોત થયા છે, જ્યારે ૧૫ ઘાયલ થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે મીની બસમાં ૨૫ શ્રદ્ધાળુઓ સવાર હતા. દરેક લોકો બદ્રીનાથ દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. તમામ શ્રદ્ધાળુઓ દિલ્હીના હોવાનું જાણવા મળી રહ્યું છે.પોલીસ અને SDRFની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સ્થાનિક લોકો પોલીસને મદદ કરી રહ્યા છે. ઘાયલોને બહાર કાઢીને હોસ્પિટલમાં મોકલવામાં આવી રહ્યા છે.





એસપી ડો. વિશાખા અશોક ભદાનેએ જણાવ્યું કે, રુદ્ર પ્રયાગમાં રંટોલી પાસે હાઇવે પરથી એક મીની બસ નદીમાં ખાબકી છે. સ્થાનિક લોકો, જિલ્લા પોલીસ, એસડીઆરએફ, ફાયર સર્વિસ, જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને વોટર પોલીસ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું છે.

જ્યાં અકસ્માત થયો ત્યાં રેલવે પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. લોકોને બચાવવા માટે ૩ મજૂરો નદીમાં કૂદી પડ્યા હતા. તેમાંથી બે પાછા આવ્યા. જ્યારે એકનું મોત થયું હતું. મીનીબસ જ્યાં ખાબકી છે તે જગ્યા ૨૫૦ ફૂટ ઊંડી હોવાનું કહેવાય છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું- સ્થાનિક પ્રશાસન અને જઉછઋની ટીમો રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. ઘાયલોને સારવાર માટે નજીકના મેડિકલ સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટને ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

# અગ્નિકાંડના પીડિતોને ન્યાય માટે કોંગ્રેસનું આક્રમક વિરોધ પ્રદર્શન

## દુર્ઘટનાની તપાસ કરી રહેલી સીટમાં પ્રમાણિક અધિકારીઓની નિમણુંક, જવાબદાર ભાજપના પદાધિકારીઓ સામે કાર્યવાહી સહિતની માંગ સાથે કોંગ્રેસી કાર્યકરોએ રેલી યોજીને ચક્કાજામ કર્યાઃ યોગ્ય નહીં થાય તો ૨૫મી રાજકોટ બંધની ચીમકી







(તસ્વીરઃ આનંદ જાવિયા)







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના અગ્નિકાંડમાં કોંગ્રેસે લાંબા સમય બાદ આજે આક્રમક વિરોધ પ્રદર્શન કરતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. આ કેસમાં હજુ સુધી કોઈ નક્કર પગલાં ભરાયા નથી અને જવાબદાર મોટી માછલીઓને બચાવવાના ખેલ થઈ રહ્યાના આક્ષેપ સાથે કોંગ્રેસે પોલીસ કમિશનર કચેરીનો ઘેરાવ કાર્યક્રમ યોજાયો હતો.કોંગ્રેસી આગેવાનો-કાર્યકરોએ બહુમાળી ભવન ચોક પાસે વિરોધ પ્રદર્શન યોજીને પોલીસ કમિશનર કચેરી સુધી રેલી યોજી હતી.રેલી દરમ્યાન અનેક કોંગ્રેસી કાર્યકરોએ રસ્તા પર બેસીને ચક્કાજામ કરતાં પોલીસે ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. કોંગ્રેસના આ વિરોધ કાર્યક્રમમાં અગ્નિકાંડમાં ઈજાગ્રસ્ત થયેલો યુવાને પણ સ્ટ્રેચર સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાયો હતો.

રાજકોટ અગ્નિકાંડના પીડિતોને ન્યાય આપવા માટે કોંગ્રેસ દ્વારા દેખાવ તેમજ ધરણાને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર કચેરીએ પોલીસનો ચુસ્ત બદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સીટના વડા સુભાષ ત્રિવેદીને બદલાવવાની માગ સાથે પીડિતોને ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવા કોંગ્રેસે તૈયારી બતાવી છે. જો સરકાર દ્વારા રજૂઆત પર ધ્યાન નહિ દેવામાં આવે તે આગામી ૨૫ જૂને રાજકોટ બંધની ચીમકી કોંગ્રેસે ઉચ્ચારી છે.આ રેલીમાં કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર, વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા, જિજ્ઞેશ મેવાણી, વિમલ ચુડાસમા સહિતના આગેવાનો કાર્યકરો જોડાયા હતાંકોંગ્રેસ સેવાદળ રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ સહિતના આગેવાનો જોડાતા વર્ષો બાદ કોંગ્રેસનો આક્રમક વિરોધ જોવા મળ્યો હતો.

પોલીસ કમિશનરને રજૂઆત બાદ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, સીપીએ યોગ્ય તપાસની ખાતરી આપી છે, પણ અમને ભાજપ સરકાર ઉપર ભરોસો નથી. અગાઉના મોરબી તક્ષશિલા અને હરણી સહિતના કાંડમાં ભારતીય જનતા પાર્ટીએ એકપણ પીડિતને ન્યાય આપ્યો નથી. ત્યારે જ્યાં સુધી પ્રમાણિક અધિકારીઓને તપાસમાં લેવામાં નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસનું આંદોલન ચાલુ રાખવામાં આવશે. આજે પોલીસ કમિશનરને આ માટે રજૂઆત કરવાની સાથે પીડિતો માટે રૂ. ૧ કરોડનું વળતર તેમજ ફાસ્ટટ્રેક કોર્ટમાં ૧ વર્ષમાં ચુકાદો આવે તે રીતે આ કેસ ચલાવવા સહિતની માંગ કરાઈ છે. અમારી માંગો અંગે સરકાર દ્વારા કોઈ જવાબ આપવામાં નહીં આવે તો ૨૫ જૂને રાજકોટની જનતાને સાથે જોડી બંધ પાળવામાં આવશે.સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, રાજકોટ પોલીસ કમિશનરને રજૂઆતમાં ખાસ જણાવાયું છે કે, અગાઉ જે રાજકોટ મ્યુ. કમિશનર હતા, તેમને તપાસ સોંપવામાં આવે તે યોગ્ય નથી. જેના નેજા હેઠળ ભ્રષ્ટાચાર થયો હોય તેવા જ અધિકારી તપાસ કરે તો સત્ય બહાર આવી શકે નહીં. ગુજરાત પોલીસ વિભાગમાં જેનું સારું નામ છે. તેમજ જેના પર લોકોને વિશ્વાસ છે, તેવા અધિકારીને તપાસ સોંપવી જોઈએ. જુદા-જુદા વિભાગમાંથી પીડિતનાં વકીલો અને પરિવારો જેના નામ કહે તેને તપાસ સોંપવી જોઈએ. અગાઉ મ્યુ. કમિશનર જગદીશન જેમ લોકોના દિલ જીતી ગયા હતા.

આ તકે કોંગ્રેસ સેવાદળ રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, અગ્નિકાંડમાં જીવ ગુમાવનાર વ્યક્તિના આત્માની શાંતિ તેમજ પીડિત પરિવારને ન્યાય મળે તેના માટે કોંગ્રેસ દ્વારા આગામી ૨૫ જૂને રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું છે. ત્યારે પક્ષા-પક્ષીઓ છોડીને માનવતાની ખાતર આ બંધમાં જોડાવા બે હાથ જોડી વિનંતી છે. ગુજરાતમાં આવા અનેક પીડિતોને ન્યાય નથી મળતો, ત્યારે આ માનવતાની લડાઈમાં સૌ સાથ આપો તેવી આશા અને અપેક્ષા રાખીએ છીએ.પોલીસે ચકકાજામ કરી રહેલા ગજબઈ અને કોંગ્રેસના ૧૫થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કર્યા બાદ છોડી મુખ્ય હતા. કોંગ્રેસના કાર્યક્રમને લઈને જિલ્લા પંચાયત ચોકથી કિસાનપરા ચોક સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો.

# રાજકોટની વિવિધ સમાજોની વાડીઓને લગાવાયેલા સીલ ખોલવા મ્યુનિ.કમિશનરને રજૂઆત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની ગુજેટ ક્ષત્રિય કડીયા જ્ઞાતિ સમસ્ત પ્રમુખ નરેન્ભાઈ સોલંકીની આગેવાનીમાં વિવિધ રીતિ મંડળોના આગેવાનોએ મ્યુનિસિપલ કમિશનરને વિવિધ વાડીઓને મરાયેલા સીલ ખોલવા અંગે રજૂઆત કરી હતી.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

તાજેતરમાં રાજકોટ શહેરના ટી.આર.પી.ગેમઝોનમાં આગનો બનાવ બાદ મનપા તંત્રે શહેર માં આવેલ તમામ જ્ઞાતિ સમાજની વાડીઓ, મેરેજ હોલને સીલ મારીને બંધ ક્ર્યા છે. જેના સીલ ખોલવા માટે સંબંધીત અધિકારીઓ દ્વારા જે તે સંસ્થાઓ, સમાજની વાડીઓ, માલીકો વિગેરે પાસેથી દિવસ ૭ માં ફાયર એનઓસી તેમજ ઘટના કાગળો મેળવી લેવા માટેનું સોગંદનામુ કોર્પોરેશન તેમજ નિયુક્ત કરેલા અધિકારીઓ તરફથી લેવામાં આવે છે. જેમાં ફાયર એનઓસી માટે બી.યુ.પરમિશન માંગવામાં આવે છે.

રાજકોટ શહેરમાં વસતા તમામ જ્ઞાતિના લોકોએ ઘણા વર્ષો પહેલા પોતાના સમાજના લોકો માટે ઉપયોગમાં આવે તે હેતુથી એકદમ ઓછા દરથી વાડી મળે તે હેતુથી વાડીઓનું નિર્માણ કરવામાં આવે છે. સમાજના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના પોતાના સુખ તથા દુ:ખના પ્રસંગોએ રહેણાંક મકાન કરતા થોડી મોટી જગ્યા મળી રહે તે હેતુથી આવી વાડીઓ અસ્તીત્વમાં આવેલ છે. લગ્ન/સગાઈ મૃત્યુ જેવા પ્રસંગોએ બેસણા/ઉત્તર ક્રિયા વિગેરે માટે વાડીઓનો ઉપયોગ જેતે સમાજના લોકો દ્વારા કરવામાં આવે છે. આ સામાજીક હેતુ લક્ષ્યમાં લાઈન કોર્પોરેશન દ્વારા પણ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવે છે.

ફાયર એનઓસી માટેના નિયમો મુજબ ગ્રાઉન્ડ ફ્લોર તથા ફસ્ટ ફ્લોર માટે ફાયર એનઓસીની આવશ્યક્તા રહેતી નહોતી. પરંતુ હવે તે મેળવવાનું રહેતુ હોય અમો તે મેળવવા માટે તૈયાર છીએ. પરંતુ ફાયર એનઓસી મેળવવા માટે જે તે બિલ્ડીંગનું બી.યુ.પ્રમાણપત્ર અમલમાં આવ્યા પહેલા થયેલા છે. માટે બી.યુ.પ્રમાણપત્ર નો આગ્રહ ઉચીત જણાતો નથી. જે વાડીઓના બાંધકામ ઘણા વર્ષો પહેલા ટી.પી.સ્કીમ અમલમાં આવ્યા પહેલા થયેલા છે. માટે બી.યુ.પ્રમાણપત્રનો આગ્રહ ઉચીત જણાતો નથી. જે વાડીઓ પાસે બી.યુ.પ્રમાણપત્ર છે તેઓ એ પણ તેઓના બિલ્ડીંગમાં નાના મોટો ફેરફાર કરેલો હોય છે.

અનેક વાડીઓ સુચિત સોસાયટીમાં હોવાના કારણે પ્લાન પાસ કરવામાં આવતા થતી. સુચિત સોસાયટીઓને રેગ્યુલરાઈઝ કરવા માટેની પ્રક્રિયા સરકારશ્રી દ્વારા કરવાની ચાલુ છે. જે વાડીઓમાં બાંધકામ ફેરફાર થયેલ હોય તે વાડીઓને ઈમ્પેક્ટફી હેઠળ રેગ્યુલરાઈઝ કરવાની રહે છે. જે મુક્ત માંગી લે તેવી બાબત છે. ઉપરાંત ઘણા સમાજની વાડીઓનું બાંધકામ રેગ્યુલરાઈઝ થઈ શકે તેમ નથી. તો આવી બાબતોમાં અમારી આપને વિનંતી છે કે વાડીઓમાં ફાયર સીસ્ટમ તથા બીજી બધી આવશ્યક બાબતો નો અમે અમલ કરીશું પરંતુ બાંધકામ બાબતે સહાનુભૂતિ પૂર્વક વિચારણા કરીને સામાન્ય સ્થિતિમાં લોકોના હીતને નુકસાન ન થાય તેવો નિર્ણય લેવા વિનંતી છે. ઉપરાંત સમાજની વાડીઓ લાંબા સમય સુધી બંધ રાખવામાં આવે તો વાડીના સ્થાયી ખર્ચાઓ તો ચાલુ જ રહે છે. જેથી નાણાકીય મોટી ખોટ જવાનો ભય રહેલો છે. જે સામાન્ય સ્થિતિના સમાજ માટે નુક્સાનકારક છે. અમારી વાડીઓનો ટેક્સ અમે નિયમિત પણે ભરીએ છીએ.

# સિવિલ હોસ્પિટલ વધુ એક વિવાદમાં ઈમરજન્સી રૂમમાં જતા ડોકટરો અને નર્સિંગ સ્ટાફને અટકાવાતા હોબાળો

## નિવૃત આર્મી મેન સિક્યુરિટી સ્ટાફ દ્વારા લોકોને અટકાવાયઃઘણા ડોકટર અને નર્સિંગ સ્ટાફને હજુ પાસ ન અપાયા હોવાથી બખેડો થઈ ગયો : ઈમરજન્સી રૂમ બહાર જમાવડો થયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડોકટર અને કર્મચારી વચ્ચે ઝપાઝપી થયા બાદ સિક્યુરિટી વધારી દેવાઈ છે. નિવૃત ફૌજીઓની સિક્યુરિટી ગાર્ડ તરીકે ભરતી થઈ છે. ઈમરજન્સી વિભાગ સહિત તમામ વોર્ડ બહાર ગાર્ડસ મૂકી દેવાયા છે. કોઈને પણ આઈકાર્ડ કે પાસ વગર નો એન્ટ્રી કરી દેવાઈ છે.





જોકે આ વ્યવસ્થા થતા એક અવ્યવસ્થા પણ ઉભી થઈ છે. ઈમરજન્સી રૂમ બહાર શિફ્ટ ચેન્જ થઈ ત્યારે ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફનો જમાવડો થઈ ગયો હતો. ગાર્ડ દ્વારા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં જતા ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને પણ અટકાવી દેવાયા હતા. કારણ કે આ લોકો પાસે આઈ કાર્ડ કે પાસ નહોતા. નિયમ મુજબ કોઈને પણ પાસ વગર જવા દેવાના નથી તેવી કડક સૂચના છે. જેથી આ અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્ટાફ માંથી લોકોએ જણાવ્યું હતું કે, કેટલાક સિસ્ટર અને બ્રધર ૩ વર્ષથી કર્મચારી છે પણ તેઓને આઈ કાર્ડ અપાયું નથી. આ બનાવથી સવારમાં જ ઈમરજન્સી રૂમ બહાર લોકો એકત્ર થઈ ગયા હતા. ડોકટરોએ તેમના સિનિયરને ફોન કર્યા હતા પણ વહેલી સવારમાં ફોન સ્વીચ ઓફ આવતા હતા. ત્યાર બાદ ફરજ પર આગલી શિફ્ટમાં જે આઈ કાર્ડ સાથેના ડોક્ટરો હતા તેની મધ્યસ્થી પછી સ્ટાફને એન્ટ્રી અપાઈ હતી.

# વિશ્વ નગર આવાસ યોજનાના કવાર્ટર પાસે નામચીન શખ્સ દેશી તમંચા સાથે ઝડપાયો

## નામચીન શખ્સને અનેક લોકો સાથે દુશ્મનાવટ ચાલતી હોવાથી પોતાની સુરક્ષા માટે હથિયાર રાખ્યાની પોલીસમાં કબુલાત આપી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં દેશી તમંચા સાથે ફરતા નામચીન વિપુલ બગથરીયાને પોલીસે દબોચી લીધો હતો. જ્યારે પોલીસ પૂછપરછમાં આરોપીએ પોતાને કેટલાક લોકો સાથે દુશ્મનાવટ હોય જેથી પોતાની સુરક્ષા માટે નવલ નગરમાં રહેતા મિત્ર પાસેથી આ હથિયાર લઈ આવવાનું રટણ કર્યું હતું. આરોપી વિરુદ્ધ આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધી માલવયા નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.





આ અંગેની માહિતી મુજબ માલવીયા નગર પોલીસ મથકના પીઆઈ જે. આર.દેસાઈના માર્ગદર્શન પીએસઆઈ ડી.એસ.ગજેરા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ અજય વિકમા કોન્સ્ટેબલ જયદીપસિહ ભટ્ટી અને મયુરદાન બાટીને મળેલી બાતમીના આધારે વિશ્વનગર આવાસ યોજના કવાર્ટર નજીકથી આરોપી વિપુલ પ્રવીણભાઈ બગથરિયાને દેશી બનાવટના તમંચા સાથે ઝડપી લીધો હતો.

આરોપીએ પોલીસને પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, પોતાને કેટલાક લોકો સાથે દુશ્મનાવટ હોવાથી પોતાની સુરક્ષા માટે આ હથિયાર નવલનગરમાં રહેતા મિત્ર રામજી સોલંકી પાસેથી લઈ આવ્યો હતો. આરોપી વિપુલ સામે પોલીસ ચોપડે હત્યા પ્રયાસ સહિત ૨૪ વધુ ગુના નોંધાયેલા છે. માલવીયાનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી હથિયાર આપનારા શખ્સને દબોચી લેવા ચક્રો ગતીમાન કર્યા છે.

# મેટોડા કંપનીમાં કામ કરતા ૩ બહેનોના એકના એક ભાઈનું હૃદય ધબકારા ચૂકી ગયુંઃ પરિવારમાં કરૂણકલ્પ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં હાર્ટએટેકથી મૃત્યુ થવાનો સિલસિલો અટકવાનું નામ જ ન લેતો હોય તેમ રાજકોટ અને મેટોડામાં વધુ બે યુવાનોના હૃદય રોગના હુમલાથી મોત નિપજયા છે.

આ અંગેની માહિતી મુજબમૂળ વડીયાનો અને હાલ મેટોડા જીઆઈડીસીમાં આવેલ કંપનીમાં રહી ત્યાં જ સુપરવાઈઝર તરીકે નોકરી કરતો દર્શીત પ્રભુદાસ ઉમરણીયા ઉ.૨૦ ગત રાત્રે નોકરી પર હતો ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો જેથી સાથી કર્મચારીઓ અને કારખાનાદારે તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો પરંતુ ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કર્યો હતો બનાવની જાણ થતાં મેટોડા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં તેના પિતા કમાન વર્કનું કામ કરે છે કરૂણતા એ છે કે મૃતક ત્રણ બહેનોનો એકનો એક ભાઈ હતો આધારસ્તંભ પૂત્રના મોતથી પરીવારમાં શોક વ્યાપી ગયો છે.

# થોરાળા પોલીસ સ્ટેશનમાં નવ વર્ષ પહેલાં રૂા.૧૦૦૦ની લાંચ લેનાર પોલીસમેનને ચાર વર્ષની સજા

## અકસ્માતમાં બાઈક નુક્સાનીના વળતર માટે વીમા કંપનીમાં રજૂ કરવાના કાગળો આપવા એક હજારની લાંચ માંગી હતી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગત તા.૧૬/૦૮/૨૦૧૫ ના રોજ ફરીયાદી મુકેશભાઈ લુણાગરીયાના મોટરસાયકલને અકસ્માત થતા આ વાહનની નુકશાની અંગે વીમા કંપની પાસેથી રકમ મેળવવાની હતી.

આ રકમ મેળવવા માટે તેઓને ઈફ્કો-ટોકયો વીમા કંપનીમાં પોલીસ પેપર્સ રજુ કરવાના થતા હતા. તે પોલીસ પેપર્સ મેળવવા માટે ફરીયાદીએ થોરાળા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જામસીંગભાઈ દેશલાભાઈ રાઠવાને મળતા તેઓએ પોલીસ પેપર્સ આપવા માટે રૂ. ૧૦૦૦ની લાંચની રકમ ઝેરોક્ષના પૈસા તરીકે માંગણી કરેલ હતી. આ મુજબની માંગણી થતા ફરીયાદીએ તા. ૨૮/૧૦/૨૦૧૫ ના રોજ એ.સી.બી. પો.સ્ટે.માં ફરીયાદ નોંધાવતા લાંચના છટકા દરમ્યાન આરોપી કોન્સ્ટેબલ રૂ.૧૦૦૦ની લાંચ સ્વીકારી રૂ. ૫૦૦ની એક નોટ ફરીયાદીને પરત આપતા ઝડપાઈ ગયા હતા. પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ- ૭ અને ૧૩(૨) હેઠળ ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતુ. જે કેસમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ ખાસ અદાલતના જજ વી.કે. ભટ્ટે આરોપી પોલીસ કોન્સ્ટેબલ જામસીંગ રાઠવાને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ- ૭ અને ૧૩(૨) હેઠળ તકસીરવાન ઠરાવી ૪ વર્ષની કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે. ૧૮ માસમાં ભ્રષ્ટાચારના ૨૧ કેસોમાં સજાના હકમો મેળવી જીલ્લા સરકારી વકીલ એસ.કે.વોરા રાજ્ય કક્ષાએ સિદ્ધિ હાંસિલ કરી છે. આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# જામનગર રોડ પર હીટ એન્ડ રનની ઘટનાઃ ટ્રક ચાલકે હડફેટે લેતા બાઈક ચાલક આશાસ્પદ યુવાનનું મોત

## ટ્રકના ચાલકે બાઈક સવાર બે મિત્રોને ઉલાળતા સર્જાયો અકસ્માતઃ સ્કૂલ ચાલુ થાય તે પૂર્વે દેવદર્શન કરી પરત ફરતા ધો.૧૨ના છાત્રનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકના ચાલકે બાઈકને ઉલાડતા ધો.૧૨ના છાત્રનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યુ હતું. જ્યારે તેમના મિત્રને ઈજા થતા સારવાર અર્થે ખસેડાયો હતો. આ ઘટનામાં અકસ્માત સર્જી નાસી છૂટેલા ટ્રક ચાલક વિરૂદ્ધ પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

બનાવની વધુ વિગતો મુજબ શહેરના જામનગર રોડ પર આવેલા મનહરપુર પાસેના સરકારી આવાસના ક્વાર્ટરમાં રહેતા રાજ ચંદુભાઈ સમેરવા (કોળી) (ઉ.વ.૧૭) ગઈકાલે તેમના મિત્ર સંજય સાથે બાઈક પર જામનગર રોડ પર આવેલા માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યાંથી સાંજના ૬ વાગ્યે પરત ફરતા હતા. ત્યારે જામનગર રોડ પર આવેલા દ્વારકાધિશ પેટ્રોલપંપની સામે પૂર ઝડપે આવેલા ટ્રકના ચાલકે બાઈકને ઉલાળતા રાજ અને તેનો મિત્ર સંજય રસ્તા પર ફંગોળ્યા હતા. જ્યાં રાજને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે મિત્ર સંજયને ઈજા થતા તેમને સારવાર માટે હોસ્પિટલે લઇ જવાયો હતો. આ ઘટના બાદ અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પરમાર અને સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા અને યુવકના પરિવારજનોને જાણ કરતા તેઓ બનાવ સ્થળે પહોંચતા પુત્રનો મૃતદેહ જોઈ માતા-પિતા આઘાતમાં સરી પડયા હતા. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે લઈ જવાયો હતો. પોલીસમાંથી જાણવા મળ્યુ હતુ કે, રાજ બે ભાઈમાં નાનો હતો અને જામનગર રોડ પર આવેલી શ્રેયસ સ્કૂલમાં ધો.૧૨માં અભ્યાસ કરતો હતો. આજે તેમની સ્કૂલ શરૂ થવાની હતી.

જેથી ગઈકાલે રાજ તેમના મિત્ર સાથે માતાજીના મંદિરે દર્શન કરી ઘરે પરત ફરતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. રાજ બે ભાઈમાં નાનો હતો. આ ઘટના અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં રાજના પિતા ચંદુલાલ વેલજીભાઈ સમેરવાની ફરિયાદ પરથી ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. યુવાન પુત્રના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો છે.

# પત્ની સાથે ઝઘડો થતાં ઘર કંકાશથી કંટાળી જઈ પટેલ યુવાનનો વાગુદળ પાસે ગળાફાંસો ખાઈ આપઘાત

## શાપર વેરાવળમાં ૧૯ વર્ષીય યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને શાપર વેરાવળમાં અપઘાતના બે બનાવો સામે આવ્યા છે. જેમાં રાજકોટમાં રહેતા પટેલ ધંધાર્થીને પત્ની સાથે ઝગડો થતાં તેઓ ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા હતા,અને સરકારી બગીચામાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.બીજા બનાવમાં શાપર વરાવળમાં રહેતા અને કારખાનામાં કામ કરતાં ૧૯ વર્ષના યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં જય ગોપાલ અમૃતપાર્ક સોસાયટીમાં પ્લોટ નં.૭૧ માં રહેતાં નિલેશભાઈ નરશીભાઈ પોકર (ઉ.વ.૩૫) એ વાગુદળ રોડ પર આવેલ મેલડીમાંના મંદિર પાસે સરકારી બગીચામાં ઝાડમાં દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે રાહદારીએ પોલીસને જાણ કરતાં મેટોડા પોલીસ મથકના ડીવાયએસપી રાણા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો મૃતદેહને પીએમ માટે ખસેડયો હતો. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, તેઓ જમીન મકાનના ધંધાર્થી હતાં. રાત્રિના તેઓને પત્ની સાથે ઝઘડો થયા બાદ પત્નીને પાઈપથી મારમારતાં પત્નીને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જે વાતનું લાગી આવતાં ઘરેથી દોરડું લઈ નીકળી ગયા હતા. અને અંતિમ પગલું ભરી લીધાનું મૃતકના પરિવાજનોએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં શાપર વેરાવળમાં રહેતો પરપ્રાંતિય શ્રમિક જીતુકુમાર બચાલાલ બિન (ઉ.વ.૧૯) નામનો યુવક એડવાન્સ ટેકનોફાયર કંપનીમાં કામ કરે છે. અને તેને કારખાનાની ઓરડીમાં અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. બાદ તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.અને અહી જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. યુવક બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો. હાલ આપઘાત પાછળનું કારણ જણાવ પોલીસે તજવીજ હાથધરી છે.

# પડધરી પંથકમાં હવસખોર કૌટુંબિક કાકાએ ભત્રીજીનું અપહરણ કરી દેહ ખભડાવ્યો

## પોલીસે પોકસો હેઠળની કલમ મુજબ ગુનો નોંધી નરાધમની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ નજીક પડધરી પંથકમાંથી પણ વધુ એક સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ કૌટુંબીક કાકાએ દુષ્કર્મ આચાર્યું હોવાનું પોલીસમાં ફરીયાદ નોંધાતા પોલીસે આરોપી ઢગાની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગેની પોલીસ સુત્રમાંથી જાણવા મળતી વિગત મુજબ પડધરી નજીક આવેલા ગામમાં રહેતા પ્રૌઢે પોલીસમાં નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પોતાના જ ગામના ૨૮ વર્ષના ઢગાનું નામ આપ્યું છે જે આરોપી પોતાનો કૌટુંબીક ભાઈ થતો હોવાનું જણાવ્યું છે. પોલીસ ફરીયાદમાં વધુ જણાવ્યા પ્રમાણે ફરીયાદીની સગીર વયની પુત્રીને લગ્નની લાલચ આપી સગીરાના જ કૌટુંબીક કાકાએ પ્રેમજાળમાં ફસાવ્યા બાદ સગીરાને મળવા બોલાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયા બાદ સગીરા પર દુષ્કર્મ આચાર્યુ હતું. ત્રણ દિવસ પહેલા બનેલી આ ઘટના અંગે ઘરે પરત ફરેલી સગીરાની પરિવારજનોએ પુછપરછ કરતા ગામમાં જ રહેતા કૌટુંબીક સગાએ જ સગીરાને સોશિયલ મીડીયા મારફતે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ભાગી જઈ સગીરા પર દુષ્કર્મ આચાર્યું હોવાનું જણાવતા પોલીસ આરોપી ઢગાની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની તપાસ સીપીઆઈને સોંપવામાં આવતા ભોગ બનનાર બાળાનું મેડીકલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે બાળાને આરોપી કયા કયા સ્થળે લઈ ગયો હતો તે તમામ સ્થળે પોલીસે તપાસ હાથ ધરી પુરાવા એકત્રીત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# અગ્નિકાંડના એક દિવસ બાદ આરોપીઓએ નકલી દસ્તાવેજો ઊભા કર્યાનો ખુલાસો

## અશોકસિંહ જાડેજાના કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યાઃ સાગઠિયા દ્વારા તૈયાર કરવામાં આવેલી ખોટી મિનિટ્સ બુક મામલે પુરાવાનો નાશ કર્યાની કલમનો ઉમેરો કરવા રિપોર્ટ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેઈમ ઝોન અગ્નિકાંડના છેલ્લા આરોપી અશોકસિહ જાડેજા ક્રાઈમ બ્રાન્ચના શરણે આવ્યા બાદ તેને રિમાન્ડ માટે કોર્ટમાં હાજર કરતાં તેના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. જ્યારે સીટની તપાસમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. જગ્યાના માલિક અને ૧૦-૧૦ ટકાના ભાગીદાર જાડેજા બંધુઓની સૂચના બાદ અગ્નિકાંડના બીજા દિવસે ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. અને ઓરીજનલ દસ્તાવેજોનો નાશ કરવામાં આવ્યો હતો. જેથી આ મામલે આરોપી અશોકસિહ જાડેજાની વધુ પૂછતાછ હાથ ધરવામાં આવવાની છે. આરોપી જમીન માલિક અશોકસિંહ હાજર થતાં ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરી તપાસ કરતાં આરોપીને આંખે દેખાતું ન હોય અને કાને સંભળાતું ન હોય પોલીસ પણ મૂંઝાઈ હતી. અને તેનું ચેકઅપ કરાવી ગઈકાલે રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કર્યા હતા.

અગ્નિકાંડની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશનની ટીમે કોર્ટમાં સ્પે. પીપી. તુષાર ગોકાણી દ્વારા કહ્યું કે, ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટેની કોઈ અરજી જ કોર્પોરેશનમાં કરવામાં આવી ન હતી. ૨૫ મેના રોજ અગ્નિકાંડ સર્જાયા બાદ ૨૬ તારીખના અશોકસિંહ અને કિરીટસિહ જાડેજાના કહ્યા બાદ ખોટા દસ્તાવેજો ઉભા કરવામાં આવ્યા હતા. કોર્પોરેશનના ઓરિજનલ રજિસ્ટરનો નાશ કરવામાં આવ્યો હતો. જાડેજાની સૂચનાથી રજિસ્ટરનો નાશ કરાયો હતો. કોર્ટે તેના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરતાં સીટે તેનો કબજો મેળવી ખોટ દસ્તાવેજો બાબતે આગળની પૂછપરછ હાથ ધરવામાં આવવાની છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર સાગઠિયા દ્વારા ખોટી મિનિટ્સ બૂક બનાવવામાં આવી હતી. પોલીસ દ્વારા આઈપીસીની કલમ ૨૦૧નો ઉમેરો કરવા બાબતે કોર્ટમાં રિપોર્ટ કરવામાં આવ્યો હતો.